નં.મતય/૦૧/૨૦૧૮

મદદનિશ મતદાર નોંધણી અધિકારી
૭૫-ધોરાજી વિધાનસભા મતદાર વિભાગ
અને મામલતદાર, ઉપલેટા
તારીખ : ૩૦/૦૧/૨૦૧૮

પ્રતિ,

(૧) એચ.એમ.નારિયા,
સંયોજકશ્રી, શાળા વિકાસ સંકુલ – ૧, ઉપલેટા

(૨) આચાર્યશ્રી,
માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળા (તમામ)
ઉપલેટા તાલુકા.

**વિષય** : બી.એલ.ઓ. તેમજ સુપરવાઇઝરશ્રીને વળતર/પ્રાપ્ત રજા આપવા બાબત.

સંદર્ભ : (૧) સામાન્ય વહિવટ વિભાગની યુ.ઓ.આર.ફાઇલ ક્રમાંક : ઇએલઆર/૧૦૨૦૧૩/૩૪૪૯-છ તારીખ : ૦૬/૦૯/૨૦૧૩

(૨) મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : ઇએલસી/૪૫૧૫-૪૩૪-૬ (સેલ) તા.૨૭/૦૪/૨૦૧૬ અન્વયે.

(૩) શિક્ષણ વિભાગ, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : બમશ/૧૦૨૦૧૩-૧૭૦-ગ તારીખ : ૦૪/૧૦/૨૦૧૩ અને તા.૧/૧૧/૨૦૧૩ અન્વયે.

જય ભારત સાથ ઉપરોકત વિષય તેમજ સંદર્ભ ૧ થી ૩ તળેના પત્રમાં જણાવ્યા અનુસાર બુથ લેવલ ઓફિસર(બી.એલ.ઓ.) તેમજ સુપરવાઇઝર દ્વારા જાહેર રજા કે રવિવાર તથા વેકેશન દરમ્યાન મતદારયાદી કે ચૂંટણી લક્ષી કોઇપણ કામગીરીમાં રોકવામાં આવે તો તેમને જી.સી.એસ.આર. રજા નિયમો ૨૦૧૨ અન્વયે વળતર/પ્રાપ્ત રજા મળવાપાત્ર થાય છે. આ અંગે આપની સંસ્થામાં ફરજ બજાવતા બુથ લેવલ ઓફિસર (બી.એલ.ઓ.) તેમજ સુપરવાઇઝરને મળવાપાત્ર રજાના લાભો યોગ્ય સમયગાળામાં જ મળી રહે તેની નોંધ લેશો.

ઉપરોકત બાબતે બી.એલ.ઓ. તેમજ સુપરવાઇઝરની રજા બાબતે અત્રેની કચેરીએ અવારનવાર લેખીત તેમજ મૌખીક રજુઆતો મળે છે જે યોગ્ય નથી, બી.એલ.ઓ. તેમજ સુપરવાઇઝરની રજા બાબતે યોગ્ય કાર્યવાહી કરવા આપને સુચના આપવામાં આવે છે. ભવિષ્યમાં આ બાબતે કોઇ પણ પ્રશ્ન ઉપસ્થિત થશે. તો આપની અંગત જવાબદારી નકકી કરવામાં આવશે.

મામલતદાર
ઉપલેટા

નકલ રવાના :-
પ્રતિશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, વઢવાણનો ઉતારો,
જિલ્લા બેંક ભવન સામે, રાજકોટ.
(આ બાબતે આપની કક્ષાએથી પણ સંબધિતને જરૂરી સુચના આપવા વિનંતી)